
ISSN : 2350-0581









# કલા વિમર્શ

જાન્યુઆરી - ૨૦૧૫

અસાઈત સાહિત્યસભા

# કલાવિમર્શ

રજિ. વર્ષ : ૧ અંક : ૩
ર્ષ : ૩ અંક : ૩ જાન્યુઆરી-૨૦૧૫ સળંગ અંક : ૧૧
મુદ્રક / પ્રકાશક : વિનાયક રાવલ
અસાઈત સાહિત્યસભા - મહેસાણા
કાર્યાલય :
બી/૩, મહાવીર એપાર્ટમેન્ટ, ટી.બી.રોડ,
મહેસાણા-૨. પીન કોડ-૩૮૪૦૦૨
સંપર્ક : તંત્રી : ૦૨૭૬૨-૨૪૭૩૬૯
મો.૯૨૨૭૧૩૨૦૭૦/૯૮૨૪૬૬૦૭૭૭
E mail : vinayak.raval@rediffmail.com

## સર્જકોને

- નૃત્ય, નાટ્ય, સંગીત, ચિત્ર, શિલ્પ સ્થાપત્ય, સાહિત્ય, તસ્વીરકલા, લોકકલા-લોકવાઙ્મય અને સીનેમા જેવી દસ લલિતકલાઓમાં સક્રિય રીતે કાર્યરત સૌ સર્જકોને 'કલાવિમર્શ' આવકારે છે. ચિત્રકારો ચિત્રો-લેખો મોકલીને, સાહિત્યકારો પોતાની રચનાઓ મોકલીને, સંગીતક્ષેત્રે પ્રવૃત્ત સૌ સંગીતકારો, નૃત્ય-નાટ્યના મર્મીઓ પાસેથી તથા શિલ્પ-સ્થાપત્યના તજ્જ્ઞો પાસેથી સહકારની અપેક્ષા છે. કૃતિની પસંદગી / નાપસંદગી પરામર્શકો અને સંપાદકમંડળ કરશે.
- 'કલાવિમર્શ' ત્રૈમાસિક હોઈ વર્ષમાં એના કુલ ચાર અંક પ્રગટ થશે.
- ઓછામાં ઓછાં અડતાલીસ પાનાં અને વધુમાં વધુ ૯૬ પાનાં આ ત્રૈમાસિકના રહેશે.
- પુસ્તકોના અવલોકન માટે પુસ્તકની બે નકલ મોકલવી.
- જે તે લેખની જવાબદારી જે તે લેખકની રહેશે.

ભાવકો - સહયોગીઓ, સામયિકનું સહયોગ મૂલ્ય અસાઈત સાહિત્યસભા ના નામે જ ચેક, ડ્રાફ્ટ / મ.ઓ.થી મોકલી શકશે અથવા નીચેના સ્થળે પણ ભરી શકાશે..

નિખાલસ પ્રકાશન
૬૦,મ્યુનિ.શો.સેન્ટર, પીલાજીગંજ,
મહેસાણા-૩૮૪૦૦૧.
મો.૯૮૨૪૩ ૫૮૨૭૫

Visit us : www.kalavimarsh.com

અધ્યક્ષ : ચિનુ મોદી
તંત્રી : વિનાયક રાવલ
સંપાદક : મનીષા દવે, ઘનશ્યામ ગઢવી, રોહિત પંચોલી, યશોધર રાવલ, પ્રકાશ પંડ્યા, વિમલ વૈદ્ય, ઉપેન્દ્ર બારોટ
પરામર્શકો : સતીશ વ્યાસ, હસુ યાજ્ઞિક, નયનેશ જાની, ભરત બારીયા, ભગવાનદાસ પટેલ

અનુક્રમણિકા


| | |
|---|---|
| પરાગરજ : એક આનીનો સિક્કો | ૧ |
| તંત્રી સ્થાનેથી : વિનાયક રાવલ | ૨ |
| અધ્યક્ષસ્થાનેથી : ચિનુ મોદી | ૪ |
| સંપાદકીયમ્ : ડૉ. ઋષિકેશ ચ. રાવલ | ૬ |
| નૃત્યવિભાગ : | |
| 'છાંઉ'-એક અદ્ભુત લોકનૃત્ય પ્રકાર/દક્ષા ભાવસાર | ૮ |
| નૃત્યશિક્ષણ માટેના બે ઉપયોગી પુસ્તકો/પારમિતા રાવલ | ૧૦ |
| નાટ્ય વિભાગ : | |
| ભવાઈમાં આહાર્ય અભિનય/જનક દવે | ૧૨ |
| તાજમહેલનું ટેન્ડર-એક આસ્વાદ/રાજન શેઠજી | ૧૫ |
| ગુલાબવાડી/રમેશ પાંચોટીયા | ૧૭ |
| સંગીત વિભાગ : ગઝલમાં તાલ અને લય લેખાંક-૧૧ | ૧૮ |
| સાહિત્ય વિભાગ : | |
| કાવ્ય મંજૂષા/નલિન રાવળ, પ્રિ.કેશુભાઈ પટેલ, યોસેફ મેકવાન | ૨૧ |
| વિનોદ ગાંધી, ચિન્મય જાની, રમેશ આચાર્ય | ૨૨ |
| બે લઘુકથા : ચાલાકી, બગાડ | ૨૩ |
| સર્જક વિશેષ : ડૉ. કપિલા પટેલ | ૨૪ |
| નવલિકા : આંસુની તરસ/આશા વીરેન્દ્ર | ૨૬ |
| પંથ : પુસ્તક પરિચયનો : પ્રિ. ઘનશ્યામ ગઢવી | ૨૭ |
| ગુણગ્રાહીનું ગુણદર્શન/પ્રિ. ડૉ. નરેશભાઈ પટેલ | ૨૯ |
| કાવ્યાસ્વાદ-રાધેશ્યામ શર્મા | ૩૧ |
| ચિત્ર વિભાગ : ચરોતરનાં ભીંતિચિત્રોના પરિપ્રેક્ષ્યમાં/સવજી છાયા | ૩૨ |
| ખુલ્લો મંચ : | ૩૩ |
| હરિકેત કંદર્પ પાઠક/યુવાન ચિત્રકારની આકસ્મિક અલવિદા | ૩૪ |
| શિલ્પ-સ્થાપત્ય : | |
| અમદાવાદ ટેક્ષટાઈલ મિલઓનર્સ એસોસિએશન/મિત્તલ પટેલ | ૩૬ |
| સ્થાપત્ય અને અભિવ્યક્તિ/હેમંત વાળા | ૩૬ |
| કાર્ટૂનકલાનો ઈતિહાસ/નિર્મિષ ઠાકર | ૩૮ |
| તસ્વીર કલા : વિનુભાઈ ઓઝા | ૪૦ |
| સિનેમા કલા : | |
| ધ સિનેમા ઑવ્ પ્રયોગ/ અમૃત ગંગર | ૪૨ |
| હિન્દી ફિલ્મમાં ગીત-સંગીતની શરૂઆત/પદ્મનાભ જોશી | ૪૫ |
| સિનેસરગમ/ રાધેશ્યામ શર્મા | ૪૭ |
| લોકકલા-લોકવાઙ્મય વિભાગ : | |
| જૂના બૂરજનો છેલ્લો કાંગરો/રજનીકુમાર પંડ્યા | ૪૮ |
| આવરણ કથા : ઉત્તરાર્ધ મહોત્સવ/કુંજલ બારોટ | ૫૨ |
| ગ્પ નોટ આઉટ-ડૉ. ઈન્દુબેન પટેલ/આશા વીરેન્દ્ર શાહ | ૫૩ |
| નગરી નગર દ્વારે દ્વારે : શબ્દની પેરે પાર અને છાલકઃરસાસ્વાદ/બકુલા ઘાસવાલા | ૫૪ |
| મધુરેણ સમાપયેત્ : આર.એમ.શ્રીમાળી,યશવંત મહેતા, નલિન રાવળ | ૫૬ |


સંવર્ધક : રૂા. ૧૦,૦૦૦
સહસંવર્ધક : રૂા. ૫,૦૦૦
શુભેચ્છક : રૂા. ૧૦૦૦ અને તેથી વધુ
વાર્ષિક સહયોગ : રૂા. ૫૦૦
આ અંકના પાનાં ૫૬ + ૪ = ૬૦

મુખપૃષ્ઠ ચિત્ર : ઉત્તરાર્ધ મહોત્સવ તથા હરિકેત પાઠકનાં ચિત્રો
પ્રચાર પરિકલ્પના : ઉપેન્દ્ર બારોટ 'નિખાલસ'
સજાવટ : ભાવિન બારોટ
મો. ૯૮૨૪૩ ૫૮૨૭૫



## સંપાદકીયમ્ :

# અનેક પ્રસિદ્ધ નરરત્નોની ખાણ એટલે આનર્તપ્રદેશનું પાલણપુર નગર

-ડૉ.ઋષિકેશ ચ. રાવલ

**પાલનપુરના સર્જકો**


શૂન્ય પાલનપુરી


સૈફ પાલનપુરી


ચંદ્રકાન્ત બક્ષી


મુસાફીર પાલનપુરી

**પાલનપુરની વિશ્વવિખ્યાત પ્રતિભાઓ**


ડૉ. પ્રકાશ કોઠારી


એ. એલ. સૈયદ


ડૉ.કે.એલ. કોઠારી


શ્રી પ્રેમ રાવલ

કેટલીકવાર કોઈ નગરની માટીની સુગંધમાં જ જાણ્યે-અજાણ્યે કલાના તત્ત્વો વણાઈ ગયેલા જોવા મળે છે. જ્યાં જન્મ લેનાર વ્યક્તિ બાળપણથી જ કલાતત્ત્વનું પયઃપાન કરે છે, જેમ કે, વારાણસીની ધરતીએ અનેક વિદ્વાનો અને સંગીતકારોની એક આગવી પરંપરા ઊભી કરી છે તો, ગ્વાલિયરની ધરતીમાં સંગીત-સમ્રાટ તાનસેનથી આરંભાયેલો કલાપ્રવાહ આજે પણ વિશ્વવિખ્યાત સરોદવાદક ઉસ્તાદ અમઝદ અલીખાન કે તેમના સુપુત્રો દ્વારા અવિરત વહ્યા કર્યો છે. આમ, ઉત્તર ગુજરાતના પાલણપુર નગરમાં પણ એના સ્થાપનાકાળથી માંડીને આજ સુધી સાહિત્ય અને કલાઓનો પ્રવાહ અસ્ખલિત વહેતો રહ્યો છે, અને એટલે જ આ નગર અત્તર, શેરોશાયરી તથા વિશ્વને અનેક ક્ષેત્રોના કલારત્નો આપનાર સાંસ્કૃતિક નગર તરીકે પ્રસિધ્ધિ પામ્યું છે.

રાજસ્થાનની સરહદે અડીને આવેલ 'ચંદ્રાવતી' નગરીના રાજપુરૂષ એવા પ્રહલાદનદેવે લગભગ ૧૩ મી સદીમાં પોતાના કલારસને સીંચીને આ નગરનો પાયો નાંખ્યો. આ સમયથી જ ગુજરાતમાં પણ સાહિત્ય સર્જનનો સુવર્ણયુગ આરંભાયો હતો. મધ્યકાળમાં સિધ્ધરાજ જયસિંહના એટલે કે હેમચંદ્રાચાર્ય સૂરિના સમયથી જ પાટણ વિદ્યાના કેન્દ્ર તરીકે જાણીતું હતું, વળી આ બંને નગર વચ્ચે રાજકીય અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન તો સતત ચાલ્યા જ કરતું હતું અને પાલનપુરનો સ્થાપક યુવરાજ પ્રહલાદન દેવ પોતે પણ એક કવિ-નાટ્યકાર તેમજ પંડિત હતો તેથી તે ગુજરાતના આવા વાતાવરણથી અલિપ્ત કેવી રીતે રહી શકે ? પરિણામે, એણે પણ અનેક વિદ્વાનો તેમજ પંડિતોને પાલણપુરમાં આમંત્રીને સાહિત્ય-સર્જનની સુવિધાઓ ઊભી કરી આપી. વિવિધ 'ગચ્છ' અને 'પંથ' ના અનેક જૈનાચાર્યોએ અહીં બેસીને મૂલ્યવાન સાહિત્ય સર્જ્યું છે. આ રાજપુરૂષની સાહિત્ય રસિકતાથી પોષાયેલી આ ધરતીનો એવો આગવો પ્રભાવ રહ્યો છે કે, આ સમયના કેટલાક જૈન મુનિઓએ ભલે ચાતુર્માસ માટે જ અહીં વિહાર કર્યો હોય છતાંયે એટલા સમયમાં પણ અહીં રહીને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ઉત્તમ ગણાતી 'પૃથ્વીચંદ્રચરિત્ર', 'વિક્રમાદિત્યચરિત્ર', 'અતિમુક્તચરિત્ર', 'દ્વયાશ્રય મહાકાવ્ય ઉપરની ટીકા', જેવી કૃતિઓનું સર્જન કર્યું છે. મધ્યકાલીન સાહિત્યમાં પોતાનું આગવું પ્રદાન કરનાર 'અકબર ધર્મ પ્રબોધક' આચાર્યશ્રી હીર વિજય સૂરિ કે સોમસુંદર સૂરિ પણ આ પરંપરાનું આમ્રફળ છે.

આમ, જે નગરનો સ્થાપક આવો ઉમદા કવિ-નાટ્યકાર અને પંડિત હોય તે ધરતીમાં કલાઓ વિકસે, કવિત્વ મ્હોરે અને ફૂલો મહેં કે એમાં આશ્ચર્ય શું હોઈ શકે ? બસ, આ જ કારણથી આ નગર છેક મધ્યકાલીન સમયથી આજ સુધી અનેક વિશ્વવિખ્યાત પ્રતિભાઓની જન્મભૂમિ રહી છે, વિશ્વને અનેક ક્ષેત્રોના નિષ્ણાત નરરત્નોની ભેટ આપી છે. આમેય, આજે પણ વિશ્વભરનો હીરા-ઉદ્યોગ તો પાલનપુરી જૈનોના હસ્તક જ છે, પરન્તુ એ સિવાય અનેક હસ્તીઓને અને કલાકારોને આ ધરતીએ જન્મ આપ્યો છે જેમ કે- વિશ્વવિખ્યાત ફોટોગ્રાફર એ. એલ. સૈયદ (રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનીત વિશ્વના શ્રેષ્ઠ દસ ફોટોગ્રાફરોમાં સ્થાન પામ્યા) ફોટોગ્રાફર ડૉ.કે.એલ. કોઠારી (વિશ્વના દસ શ્રેષ્ઠ ફોટોગ્રાફરોમાં ગણના) ચિત્રકાર સ્વ. અમૃત વ્હાણ (ગુજરાતના શ્રેષ્ઠ ચિત્રકારોમાં ગણના, અનેક ચિત્રકારોના ગુરૂ) ચિત્રકાર શ્રી પ્રેમ રાવલ (વિશ્વના શ્રેષ્ઠ ચિત્રકારોમાં ગણના, વિશ્વના અનેક દેશોમાં ૧૫૫ જેટલાં ચિત્ર પ્રદર્શનો, જર્મનીમાં વિશેષ સન્માન પામ્યા) ડૉ. રજની કોઠારી (ભારતના જાણીતા રાજ્યશાસ્ત્રી, અને પર્યાવરણ પ્રેમી) પદ્મશ્રી ડૉ. પ્રકાશ કોઠારી (વિશ્વના જાણીતા સેક્સોલોજીસ્ટ) જાવેદ મિયાંદાદ (વિશ્વ પ્રસિધ્ધ પાકિસ્તાની ક્રિકેટર) શ્રી અજય કોઠારી (અમેરિકન અવકાશ સંસ્થા નાસાના ઉચ્ચપદાધિકારી, વિશ્વને અવાજરહિત સૌથી ઝડપી વિમાન સુપરસોનિકની ભેટ આપનાર) પ્રકાશભાઈ શાહ (યુનોમાં ભારતનું કાયમી પ્રતિનિધિત્વ કરવાનું સન્માન પામનાર) શ્રી સિહેન મહેતા (વિશ્વમાં સૌથી નાની વયે ઈંગ્લીશ ખાડી તરી જનાર) પ્રણવ મિસ્ત્રી

(વિશ્વને સિકસ્થ સેન્સની શોધ આપીને, જાપાન, અમેરિકા ભારત તથા અન્ય દેશોમાં વિવિધ પુરસ્કારોથી સન્માનીત) ડો. જયંતિલાલ મહેતા (ભારતના જાણીતા હૃદયરોગના નિષ્ણાત અને પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુના અંગત તબીબ) શ્રી આર.જે. મહેતા (અખિલ ભારતીય મજદૂર યુનિયનના નેતા) શ્રી સંજીવ મહેતા (ભારતના વેપાર અર્થે આવીને આપણી ઉપર બસો વરસ રાજ કરી ગયેલી બ્રિટનની ઈસ્ટ ઈન્ડીયા કંપનીના હાલના માલિક) ઈકબાલ દરબાર (બોલીવુડમાં સંગીતક્ષેત્રે આગવું નામ મેળવનાર) શ્રી ફકરુદ્દીન અલી એહમદ ખોરાકીવાલા (ભારતની જાણીતી દવાની કંપની વોખાર્ડના માલિક અને મુંબઈના પૂર્વ શેરીફનું સન્માન મેળવનાર) રોહિત પરીખ (અમેરિકાના મહાન ગણિતશાસ્ત્રી) ડો. દિલીપ કોઠારી (ભારતીય ફિલ્મ સેન્સર બોર્ડના સૌ પ્રથમ ચેરમેન અને કલા વિવેચક)

"પાલનપુર એ શાયરોનું પિયર છે"- એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. શૂન્ય, સૈફ, ઓજસ, અમર અને મુસાફિર પાલનપુરી જેવા ગઝલકારોએ ગુજરાતી ગઝલક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે તો આજના સમયે અગમ, યુગ, આતિશ, રજની અને પંથી પાલનપુરી જેવા અનેક શાયરોનો આગવો શાયરાના અંદાજ દાદ માંગી લે તેવો છે. વળી, લોકબોલીમાં શેરો-શાયરી, અરબી-ફારસીની સમચાલેખન પ્રણાલી, ઉમરખૈયામની રચનાઓનું ગુજરાતીકરણ જેવા પ્રયોગો આ નગરની સાહિત્યિક પરંપરાનું પરિચાયક છે. અહીંના મુસ્લિમ સર્જકોએ પણ પદો, ભજનો, પ્રભાતિયાં કે કૃષ્ણભક્તિના હોળીગીતો મુક્ત કંઠે ગાયાં છે.

આ નગરમાં શેરો-શાયરી એટલે કે પદ્યની તુલનામાં ગદ્ય પરંપરાનો વિકાસ ઓછો થયો એમ કહી શકાય પરંતુ આ ધરતી એ ગદ્ય પરંપરા માટે આપેલો એક માત્ર ઝિંદાદિલ સર્જક ચંદ્રકાન્ત બક્ષી 'એકે હજારા' થઈ જાય એમ છે, જે એમના મૃત્યુ પછી પણ કદાચ સૌથી વધારે વાચક ધરાવનાર એકમાત્ર ગુજરાતી સર્જક હશે. વળી, સાહિત્યસર્જન સિવાય અન્યત્ર દુર્લભ એવો ચોક્કસ પ્રકારનો ભાવક વર્ગ પણ આ નગરની માટીમાં રહેલા કલાપ્રેમનો પરિપાક છે. કોઈપણ કલાના ઉત્તમ કક્ષાના કલાકારને પાલનપુરમાં કાર્યક્રમ પ્રસ્તુત કરવાનું નિમંત્રણ મળે એટલે એની આંખોમાં એક આગવી ચમક જોઈ શકાય. આમ, ઉત્તર ગુજરાતના આવા નગરમાં નિવાસ કરવો એ પણ એક આગવું સદ્દભાગ્ય છે, અને એટલે જ કવિ મુસાફિર પાલનપુરી લખે છે કે -

ધન્ય ના થઈએ 'મુસાફિર' કેમ એની ધૂળથી
ભાગ્યથી અમને મળેલું અત્તરોનું આ નગર.

-ડો.ઋષિકેશ ય. રાવલ
મો. ૯૪૨૬૫ ૧૫૭૮૦.

'કલાવિમર્શ'સાહિત્ય વિભાગમાં આવતા અંકથી રેખા ચિત્રોનો વિભાગ શરૂ કરશે. ક્રમશઃ 'કલાવિમર્શ'માં નવા વિભાગો આમેજ કરાતા રહેશે.

# અભિનંદન



ગૌરવ એવોર્ડ પ્રાપ્તિ વખતે મા.શ્રી રમણલાલ વોરા અને શ્રી ભાગ્યેશ જહાં

ગુજરાત રાજ્યના રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ અંતર્ગત સમાહિત ગુજરાત રાજ્ય સંગીતનાટક અકાદમી-ગાંધીનગર દ્વારા જેમને ગુજરાત રાજ્ય ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાયા છે એવા 'કલાક્ષેત્ર નૃત્ય વિદ્યાલય'-જામનગરનાં સ્થાપિકા અને સંચાલિકા ડૉ. શ્રીમતી સ્વાતિ અજય મહેતા ૨૫ વર્ષથી જામનગરમાં નૃત્યક્ષેત્રે કાર્યરત છે. તેઓશ્રી ભાવનગરના બહુ જાણીતા સર્જક, સાહિત્યકાર વિવેચક અને નાટ્યકાર સ્વ. ડૉ. જયંતભાઈ વ્યાસનાં સુપુત્રી છે. લગ્ન પછી તેમણે જામનગરને પોતાની કર્મભૂમિ બનાવી વિવિધ પ્રવૃ[illegible] જેમકે નૃત્યશિક્ષણ, નૃત્યપ્રદર્શનો, કલાવિષયક લેખન, પ્રકાશન, સેમિનાર, રેડિયોટોક, નૃત્યક્ષેત્રે વિવિધ સંસ્થાઓના તજજ્ઞ તરીકે પ્રવૃત્ત છે. તેઓશ્રીએ જામનગર શહેર તથા જિલ્લામાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓને નૃત્યશિક્ષણ દ્વારા ભારતીય સંસ્કૃતિથી પરિચિત કરાવવાનું મુખ્ય યોગદાન આપેલ છે. તેઓશ્રીએ કથકનૃત્ય માં સંશોધનકાર્ય કરી મહાનિબંધ પણ લખેલ છે.

હાલમાં જ તેઓશ્રીને ૫મી ઓગસ્ટ ૨૦૧૪ના રોજ સેતુ પરિવાર-રિલાયન્સનાં સૌજન્ય દ્વારા પ્રાયોજિત 'નમોસ્તુતે નવાનગર' કાર્યક્રમમાં 'જામનગર રત્ન-૨૦૧૪'નો એવોર્ડ આપવામાં આવ્યો.

- ભારતીય સાંસ્કૃતિક મંત્રાલય-નવી દિલ્હી દ્વારા 'આઉટ સ્ટેન્ડીંગ પર્સનાલીટીઝ ઈન ધ ફિલ્ડ ઓફ ડાન્સ અને ડાન્સ મ્યુઝિક' માં વર્ષ ૨૦૧૨-૧૩ માટે કથક નૃત્ય માટે સીનીયર ફેલોશિપ તેમને એનાયત કરવામાં આવી છે.

- તેઓશ્રીએ નૃત્યતાલીમ વિવિધ તજજ્ઞ ગુરુજનો પાસેથી પ્રાપ્ત કરી છે. રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. તેઓશ્રી પ્રબુદ્ધ નૃત્યાંગ[illegible] કલાગુરૂ, પરીક્ષક, નિર્ણાયક, કોરિયોગ્રાફર, લેખિકા તથા સંચાલિકા તરીકે કાર્યરત છે. 'કલાવિમર્શ'ના નૃત્ય વિભાગના સંપાદક પણ છે.



'જામનગર રત્ન-૨૦૧૪' એવોર્ડ પ્રાપ્તિ